ખડી સમિતિ
એજન્ડા કામ નં.૧.

મ્યુ.ક.શ્રીનો પત્ર નં.સી.મી.સ./૯/૧૭,
તા.૨૬–૧૨–૨૦૨૩.

* * * * * *

**સુરત મહાનગરપાલિકાની ખડી સમિતિની તા.૧૧–૧૦–૨૦૨૪ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–**

* * * * * *

" આ કામ વધુ વિચારણા માટે મુલતવી રાખવાનું ઠરાવવામાં આવે છે."

ઠરાવ નં.૪/૨૦૨૪ સર્વાનુમતે મંજુર.

================================

પ્રો.રા. ખડી સમિતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૧૦–૨૦૨૪.

*HDU....*

INFORMATION PURPOSE ONLY

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”

# સુરત મહાનગરપાલિકાની ખડી સમિતિની તા.૧૧–૧૦–૨૦૨૪ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

:: :: ::

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૬–૧૨–૨૦૨૩ ના પત્ર નં.સી.મી.સ./૯/૧૮ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની(કોડ–૨૨૬)ડેપ્યુટી ટાઉન ડેવલપમેન્ટ ઓફીસરની ખાલી બિનઅનામતની ૦૨ જગ્યા ઉપલબ્ધ ઉમેદવારોમાંથી સીધી ભરતીથી ભરવા પસંદગી/પ્રતિક્ષાયાદી તૈયાર કરવા વિવિધ દૈનિક વર્તમાનપત્રોમાં સંક્ષિપ્ત જાહેરાત આપી લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારો પાસેથી મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીના સંદર્ભમાં આવેલ કુલ–૧૫૧ ઉમેદવારોની ઓનલાઈન અરજીઓ અંગે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહિતી ધ્યાને લઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ ઉકત કામે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

(૧) દરખાસ્તના પેરા–૬(૧) માં જણાવ્યા મુજબ ફાઈલમાં સામેલ વેલીડ સીનોપ્સીસ પત્રક–૧ ના અનુક્રમ નંબર ૧ થી ૭૯ નાં કુલ–૭૯ ઉમેદવારો જાહેરાતમાં જણાવ્યા મુજબની નિયત શૈક્ષણિક લાયકાત અને તેવી લાયકાત મેળવ્યા બાદ જાહેરાતમાં જણાવ્યા મુજબનો નિયત સમયગાળાનો અનુભવ ધરાવતા હોવાથી કુલ–૭૯ ઉમેદવારોની અરજી માન્ય ગણી તેઓને તા.૨૨–૧૦–૨૦૨૪ ના રોજ સવારના ૧૦–૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના નવી એનેક્ષી બિલ્ડીંગના ત્રીજા માળે આવેલ 'સ્થાયી સમિતિ સભાખંડ' માં ખડી સમિતિ સમક્ષ ઈન્ટરવ્યુ માટે રૂબરૂ હાજર રહેવા જણાવવાનું ઠરાવવામાં આવે છે.

(૨) દરખાસ્તના પેરા–૬(૨) માં જણાવ્યા મુજબ ફાઈલમાં સામેલ ઈનવેલીડ સીનોપ્સીસ પત્રક–૨ ના અનુક્રમ નંબર ૧ થી ૭૨ નાં કુલ–૭૨ ઉમેદવારો પૈકી કુલ–૪૫ ઉમેદવારો જાહેરાત મુજબની લાયકાત અને/અથવા અનુભવ ધરાવતા ન હોવાના તથા ખાતા મારફત સમયસર અરજી ન મોકલવાના કારણોસર તેમજ કુલ–૨૭ ઉમેદવારો ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ગેરહાજર રહેલ હોવાના કારણોસર કુલ–૭૨ ઉમેદવારોની અરજી અમાન્ય ગણી દફતરે કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૫/૨૦૨૪ સર્વાનુમતે મંજુર.

==============================

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.   –૧૦–૨૦૨૪.

*HDU....*

INFORMATION PURPOSE ONLY

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose."